ગાંધીનગર સમાચાર

સે-૬માં રહેતા તબીબના મકાનમાં તસ્કરો ત્રાટક્યા

@ગાંધીનગર

શહેરમાં રાજય કક્ષાના કલા ઉત્સવનો પ્રારંભ

નાટ્ય કલામાં ભાગ લેવાથી યાદ શક્તિ અને એકાગ્રતા વધે છે : ભૂપેન્દ્રસિંહ ચુડાસમા

ગાંધીનગર, તા.૧૦

એન.સી.ઈ.આર.ટી, નવી દિલ્હી અને રાજય સરકારના રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે આજ રોજ રાજય કક્ષાના કલા ઉત્સવ-૨૦૧૬ નાટ્ય કલા સ્પર્ધાનું આયોજન કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ખીમજી વિસરામ હોલ ખાતે કરવામાં આવ્યું હતું. આ કલા ઉત્સવને શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. જેમાં રાજયના ૧૮ જિલ્લાઓની શાળાઓના કુલ- ૨૨૫ વિદ્યાર્થીઓએ પોતાના નાટકો રજૂ કર્યા હતા.

જીવનમાંતમામ પ્રકારનુંઘડતર જરૂરી છે, તેવું કહી શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓના જીવનમાંશિક્ષણ સાથે સાથે રમત અનેઈત્તર પ્રવૃત્તિ પણ ખૂબ જ જરૂરી છે. આજના સમયમાંઈત્તર પ્રવૃત્તિઓનુંમહત્વ વધતુંજાય છે. કોઈ પણ વ્યક્તિ કોઈ પણ ક્ષેત્રમાં પારંગત થાય તો તેની સાથે કિર્તી આપોઆપ ચાલી આવે છે. તેમણે જીવનમાં સંગીતકલા, ચિત્રકલા અને નાટ્યકલા સાથે સાથે હાસ્યકલા પણ ખૂબ જ જરૂરી છે, તેવું કહી તેની દષ્ટાંત પૂર્વક વાત કરી હતી.

આજના સમયમાં બાળક બોર્ડમાં ૯૫ ટકા પર્સેન્ટાઈલ લાવી પાસ થશે, તેને એક પણ ઈત્તર પ્રવૃત્તિનું જ્ઞાન નહી હોય તો નહિ ચાલે તેવું ભારપૂર્વક જણાવ્યું હતું. નાટ્ય કલાની વાત કરતા જણાવ્યું હતું કે, પડદા પરના કલાકાર કરતા એક મંચ પરના કલાકારની કળા ખૂબ જ અઘરી છે. તેમજ વિદ્યાર્થી જીવન દરમ્યાન નાટ્ય કલામાં ભાગ લેવાથી યાદ શક્તિ વધે છે, તેની સાથે સાથે એકાગ્રતા પણ વધે છે.

કલાએ જીવનનો ખૂબ જ મહત્વનો ભાગ છે, તેવું કહી પ્રાથમિક શિક્ષણ નિયામક શ્રી એમ.આઈ. જોષીએ મનુષ્યના જીવનમાં કરૂણા અને પ્રેમનો ભાવ હોવો ખૂબ જ જરૂરી છે. આ ભાવ નાટ્ય કલાથી મનુષ્યના જીવનમાં ખૂબ જ સારી રીતે વિકાસ થઈ શકે છે. તેમણે પ્રાચીન શાસ્ત્રોમાં ભરતમૂનિએ નાટ્યશાસ્ત્ર થકી સમાજને શું અર્પણ કર્યું છે, તેની રસપ્રદ વાતો પોતાની શૈલીમાં દષ્ટાંત સાથે કરી હતી.

રાજય કક્ષાના કલા ઉત્સવ-૨૦૧૬ નાટ્ય કલામાં વિજેતા થનાર શાળા રાષ્ટ્રીય કક્ષાના નાટ્ય કલા સ્પર્ધામાં ગુજરાત રાજય વતી ભાગ લેશે. આ નાટ્ય કલા સ્પર્ધામાં જજ તરીકેની સેવા માહિતી ખાતાના નિવૃત્ત સંયુક્ત માહિતી નિયામક શ્રી પ્રકાશભાઈ લાલા, ગુજરાતના જાણીતા સાહિત્યકાર શ્રી કનૈયાલાલ ભટ્ટ અને સામાન્ય વહીવટ વિભાગના પ્રોટોકલ શાખાના ઉપસચિવ શ્રી કલ્પેશ ભટ્ટે આપી હતી. સમગ્ર દિવસ દરમ્યાન વિવિધ શાળાઓના બાળકો દ્વારા પોતાની નાટ્ય કલાને રજૂ કરવામાં આવી હતી. શિક્ષક શ્રી ઉમેશભાઈ પરમાર દ્વારા દુહા-છંદનું ગાન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના આરંભે જિલ્લા શિક્ષણાધિકારી શ્રી એસ.એમ.બારડે મહાનુભાવોનું સ્વાગત કર્યું હતું. તેમજ કાર્યક્રમના અંતે આભારવિધી મહેસાણા જિલ્લાના શિક્ષણાધિકારી શ્રી જી.ડી.પટેલે કરી હતી.

કલા ઉત્સવ- ૨૦૧૬ના આરંભ પ્રસંગે જિલ્લા કલેકટર શ્રી સતીશ પટેલ, જી.સી.આર.ટીના નિયામક શ્રી ડૉ. ટી.એસ. જોષી, કડી સર્વ વિશ્વ વિદ્યાલયના વાઈસ ચાન્સલેર શ્રી વી.પી. કાપડિયા, પ્રાથમિક જિલ્લા શિક્ષણાધિકારી શ્રી એમ.એન.રાઠોડ સહિત વિવિધ જિલ્લાની શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

સે-૬માં રહેતા તબીબના મકાનમાં તસ્કરો ત્રાટક્યા

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરનાં સે-૬ ખાતે સ્થિત ચંદ્રમૌલેશ્વર મહાદેવ નજીક રહેતા હોમિયોપેથીક તબીબ ગઈ કાલે આઠમનાં નૈવેધ કરવા પરિવાર સાથે ગોધરા નજીક તેમના વતન ગયા હતા. આજે સવારે તેઓ ઘરે પરત ફર્યા ત્યા સુધીમાં કોઈ પણ સમયે તેમના બંધ મકાનને તસ્કરોએ ટાર્ગેટ બનાવી લીધુ અને મુખ્ય દરવાજાનો નકુચો તોડીને અંદરનાં રૂમમાં ઘુસી તિજોરીમાંથી સોના-ચાંદીનાં દાગીનાની ચોરી કરી રૂ.૧.૦૮ લાખની મત્તાનો હાથફેરો કરી તસ્કરો રફુચક્કર થઈ ગયા હતા. આ મામલે સે-૭ પોલીસ મથકમાં તબીબે ફરિયાદ કરતા પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરીને ઝીણવટીભરી તપાસ શરુ કરી છે.

શહેરનાં સે-૬ બી પ્લોટ નં.૧૫૧/૨ ખાતે રહેતા ડૉ. જીગરકુમાર દિનેશચંદ્ર સાધુ (બી.એચ.એમ.એસ) સે-૧૭ ખાતે ખાનગી દવાખાનુ ચલાવે છે. ગઈ કાલે ડો.જીગરકુમાર તેમના પરિવારને લઈને આઠમનાં નૈવેધ માટે પોતાના વતન ગોધરા નજીકના એક ગામમાં ગયા હતા. નૈવેધ કરીને રાત રોકાયા બાદ આજે સવારે તબીબ પરિવાર પોતાના ઘરે પરત ફર્યુ ત્યારે જોયુ તો મકાનનાં મુખ્ય દરવાજાનો નકુચો તુટેલી હાલતમાં હતો અને



તાળુ નીચે પડેલુ હતુ. મકાનમાં પ્રવેશ કરીને જોયુ તો અંદરનાં રૂમમાં તિજોરી ખુલ્લી હતી અને સામાન વેરવિખેર પડેલો હતો. દાગીનાનાં ખોખા એક તરફ ખુલ્લા પડયા હતા. સ્તબ્ધ થઈ ગયેલા તબીબે પોલીસને ઘટના અંગે સવારે જાણ કરતા સે-૭ પોલીસ મથકની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ૨૪ કલાક બંધ રહેલા તબીબનાં મકાનમાં તસ્કરો કળા કરી ગયા હતા. મકાનમાં ઘુસીને તસ્કરો તિજોરીમાંથી તબીબની બહેન અને માતાનાં સોના-ચાંદીનાં દાગીના મળી કુલ રૂ.૧,૦૮,૨૦૦ ની કિંમતની મત્તાની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. પોલીસે સ્થળ પર પહોંચીને ફિંગરપ્રિન્ટ નિષ્ણાંત અને ડોગ સ્કવોર્ડને બોલાવી લીધી હતી. ડોગ જીગરકુમારની ફરિયાદ લઈ ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરીને પી.એસ.આઈ એમ.પી.ચૌહાણે વધુ તપાસ શરુ કરી છે.

અલુવા હિલ્સ ખાતે અગ્ર સચિવનાં ફાર્મહાઉસમાં ચોરીનો પ્રયાસ

માણસા તાલુકામાં સ્થિત અલુવા ગામની અલુવા હિલ્સ સ્કીમમાં મોટા ભાગનાં આઈએએસ, આઈપીએસ અધિકારીઓનાં ફાર્મ હાઉસ છે. તે પૈકીનાં એચ-૩૯ નંબરનું ફાર્મ હાઉસ અગ્ર સચિવ મહેસુલ શ્રી શ્રીનીવાસનનું છે. તેમનાં ફાર્મ હાઉસમાં ગઈ કાલે ચોરો કેબલ ચોરી કરવા ઘુસ્યા હતા. ચોકીદારનું ધ્યાન પડતા બુમાબુમ થતા કેબલ કાપી રહેલા ચોરો ભાગી છુટ્યા હતા. ચોરીનાં પ્રયાસ અંગે પોલીસે ગુનો નોંધી તપાસ આરંભી છે.

વણકર સમાજનો સમુહલગ્ન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા.૧૦

શ્રી ગાંધીનગર વસાહતી બસો બ્યાસી વણકર સમાજના ઉપક્રમે આગામી તા. ૧૨ ડિસેમબરના રોજ સમગ્ર વણકર સમાજના સાતમા સમુહલગ્ન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. સંસ્થાના પ્રમુખ મધુકર પરમારે આ સમુહલગ્નમાં ભાગ લેવા ઈચ્છુકોને તા. ૧૫ નવેમ્બર સુધીમાં ફોર્મ ભરીને સંસ્થામાં રજીસ્ટ્રેશન કરાવવા જણાવાયું છે.

ફાફડા-જલેબીનાં સ્ટોલ પર પ્લાસ્ટીક વિરોધી દળનો સપાટો

સે-૨૧, ૨૨, ૨૪, ૩ માં લાગેલા સ્ટોલ પરથી ૭૩ કિલો પ્લાસ્ટીક બેગ જપ્ત

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરમાં ઠેર-ઠેર દશેરાને પગલે ફાફડા-જલેબીનાં સ્ટોલ લાગી ગયા છે. આ સ્ટોલ પર પ્રતિબંધીત પ્લાસ્ટીક બેગનો વપરાશ થઈ રહ્યો હોવાની બાતમી મળતા મનપાનાં દબાણ અધિકારી મહેશ મોડ તથા તેમની ટીમે વિવિધ સ્ટોલ પર સપાટો બોલાવ્યો હતો. સે-૨૧, ૨૨, ૨૪ અને સે-૩ સહિતનાં વિસ્તારોમાં ઉભા કરી દેવાયેલા વિવિધ સ્ટોલ પર દરોડા પાડીને કુલ ૭૩ કિલો પ્રતિબંધીત પ્લાસ્ટીક બેગનો જથ્થો જપ્ત કરી લેવામાં આવ્યો છે. તે ઉપરાંત તંત્ર દ્વારા ગંદકી કરતા વેપારીઓ પાસે દંડની વસુલાત કરવા ઉપરાંત ફુડનાં સેમ્પલ પણ લેવામાં આવ્યા છે. તો બીજી તરફ ફુટપાથ પર અડચણરૂપ ઉભા કરી દેવાયેલા સે-૨૧ નાં સ્ટોલ પરથી ૪૫ જેટલી ખુરશી-ટેબલ પણ જપ્ત કરવામાં આવી હોવાનુ અધિકારી મહેશ મોડે જણાવ્યુ છે.

એક્ટીવા પર જતી મહિલાનાં ગળામાંથી સોનાની ચેઈન અને મંગળસુત્રની લુંટ

પતિ-પત્ની સાંજે ફિલ્મ જોઈને ચ-માર્ગ પરથી ઘર તરફ જઈ રહ્યા હતા ત્યારે સે-૭ નાં વળાંક પાસે બાઈક પર આવેલા બે ચેઈન સ્નેચર્સ લુંટ ચલાવી ગયા

ગાંધીનગર, તા.૧૦

કુડાસણ ખાતે એક ફ્લેટમાં રહેતુ એક દંપતી ગઈ કાલે સાંજે સે-૧૧ માં ફિલ્મ જોવા ગયા હતા. ફિલ્મ પુરી થયા બાદ મોડી સાંજે એક્ટીવા લઈને બંને ઘર તરફ જવા ચ-માર્ગ પરથી નિકળ્યા હતા ત્યારે સે-૭ માં વળાંક પાસે બાઈક પર આવેલા બે ચેઈન સ્નેચર્સે તેમને નિશાન બનાવી દીધા હતા. ચાલુ વાહને મહિલાનાં ગળામાં ઝુંટ મારીને તેણીએ પહેરેલી સોનાની ચેઈન અને મંગળસુત્ર મળી બે દાગીનાની લુંટ ચલાવી બે શખ્સો રફ્ફુચક્કર થઈ ગયા હતા. સે-૭ પોલીસે મહિલાની ફરિયાદને આધારે ગુનો દાખલ કરીને સીસીટીવી કેમેરા તપાસવાની કામગીરી શરુ કરી ચેઈન સ્નેચર્સને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર નજીક આવેલા કુડાસણ ખાતે સ્થિત પોદાર ઈન્ટરનેશનલ સ્કુલની સામે આવેલા સિધ્ધ આસ્થા એપાર્ટમેન્ટમાં બી-૧૦૨ માં રહેતા ફનીસ્વેચા સત્યરાજ શેખર તેના પતિ સાથે એક્ટીવા પર સે-૧૧ માં ફિલ્મ જોવા ગઈ હતી. પતિ-પત્ની ફિલ્મ પુરી થયા બાદ એક્ટીવા લઈને પોતાના ઘરે કુડાસણ તરફ જવા ચ-માર્ગ પર થઈને નિકળ્યા હતા. અચાનક સે-૭ માંથી શાકભાજી લઈ જવાનુ યાદ આવતા સે-૭માં જવા એક્ટીવા વાળ્યુ હતુ. તેટલામાં પાછળથી એક બાઈક પર બે અજાણ્યા યુવાન શખ્સો આવ્યા હતા અને ચાલુ બાઈકે જ એક્ટીવા પાછળ બેઠેલી મહિલા ફનીસ્વેચાનાં ગળામાં ઝુંટ મારીને તેણીએ પહેરેલો ૧૦ ગ્રામ વજનનો ચેઈન અને ૨૦ ગ્રામ વજનનુ સોનાનું મંગળસુત્ર એમ બે દાગીના ખેંચી લઈને લુંટી લીધા હતા. બંને દાગીનાની લુંટ ચલાવીને બે શખ્સો પળવારમાં બાઈક પર ફરાર થઈ ગયા હતા. બુમાબુમ થતા રાહદારીઓનુ ટોળુ ભેગુ થઈ ગયુ હતુ પરંતુ ત્યા સુધીમાં બંને શખ્સો ગાયબ થઈ ગયા હતા. ઘટના અંગે સે-૭ પોલીસ મથકમાં મહિલાએ ફરિયાદ આપતા પી.એસ.આઈ એમ.પી. ચૌહાણે ગુનો દાખલ કરીને બંને શખ્સોને શોધી કાઢવા તજવીજ શરુ કરી છે. મહિલાએ કરેલા બાઈકનાં વર્ણનને આધારે પોલીસે મુખ્ય માર્ગોના સીસીટીવી કેમેરા તપાસી બાઈક નંબર મેળવવા કવાયત શરુ કરી છે.

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન સે-૨૩ બી.બી.એ-એમ.બી.એ કોલેજ દ્વારા નવરાત્રી નિમિત્તે ગરબાનો રંગારંગ કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર બી.પી. કોલેજ ઓફ બીઝનેસ એડમિનીસ્ટ્રેશન (બી.બી.એ) તેમજ એસ.કે. પટેલ ઈન્સ્ટીટ્યુટનાં સંયુક્ત ઉપક્રમે આદ્યશક્તિ ની ઉપાસના સમા નવરાત્રી પર્વની ઉજવણી કેમ્પસ ખાતે કરવામાં આવી હતી. ચાલુ વર્ષે નવરાત્રીની સાથે સાથે મેઘરાજાની સવારી આવી હોવાથી ખેલૈયા યુવા મિત્રોમાં થોડી નિરાશા વ્યાપી હતી. જે ગઈ કાલે વાતાવરણ અનુકુળ બનતા ખુશીમાં ફેરવાઈ હતી. કેમ્પસનાં વિદ્યાર્થીઓ અભ્યાસની સાથે

સાથે ભારતીય સંસ્કૃતિને જાળવે તેવા હેતુથી ગરબાનું આયોજન દર વર્ષે કરવામાં આવે છે. જેમાં ખાસ કરીને પોતાના ઘરથી દુર છાત્રાલયમાં રહી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ખુશી વ્યક્ત કરવાનો એક અનેરો પ્રસંગ સાબિત થયો હતો. વિદ્યાર્થીઓ સંગીતનાં તાલે ગરબા ગાઈ ખુશીથી ઝુમી ઉઠયા હતા. વિદ્યાર્થીઓએ તેમજ સંસ્થાનાં શૈક્ષણિક તેમજ બિન શૈક્ષણિક કર્મચારીઓ દ્વારા ગરબામાં ઉત્સાહભેર જોડાઈને ખુબ સુંદર પ્રતિસાદ આપ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે સંસ્થા આપણા રાષ્ટ્રીય તહેવારો તેમજ નવરાત્રી, ગણેશ ચતુર્થી જેવા તહેવારોની સંસ્થા ખાતે ઉજવણી કરી. સંસ્થાનાં વિદ્યાર્થીઓ તેમજ કર્મચારીઓમાં પરિવારની ભાવના ઉજાગર થાય તેવા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. જેને વાલીગણ દ્વારા પણ ખુબ સારો પ્રતિસાદ આપવા માં આવ્યો છે.

સમગ્ર કાર્યક્રમ દરમિયાન બી.બી.એ કોલેજનાં આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિ દ્વારા ઉપસ્થિત રહી કાર્યક્રમ માટે માર્ગદર્શન તેમજ સહકાર પૂરો પાડવામાં આવ્યો હતો.

આજે દશેરા, ધર્મના વિજયનો તહેવાર

આસુરી શક્તિ ઉપર ભગવાન રામે આ દિવસે વિજય મેળવ્યો હતો : દશેરાએ વિજયનું મહત્વ હોઈ શસ્ત્રોની પૂજા કરવાની પ્રથા છે : વર્ષાઋતુના વિદાયનો દિવસ પણ ગણાય છે

ગાંધીનગર, તા.૧૦

મહાશકિતના પર્વ નવરાત્રીના સમાપન પછી આજે વિજયનો તહેવાર દશેરાની ઉજવણી કરવામાં આવશે. આસો સુદ દશમે દશેરા ઉજવાય છે. ભગવાન રામે આદ્યશકિત પાસેથી વરદાન મેળવી અસુરી શકિતના માલિક એવા રાવણનો આ દિવસે સંહાર કર્યો હતો. જેથી ધર્મના વિજયનો તહેવાર મનાય છે અને અસત્ય ઉપરના સત્યનો વિજય ગણાય છે. દશેરાએ ઘરમાં કે અન્ય ઠેકાણે રહેલા શસ્ત્ર, વાહન વગેરેની પૂજા કરવાની પ્રથા પણ ઉભી થઈ છે. મનુષ્યમાં રહેલા દસ દુષણો રાવણ રૂપી દુર કરી મીઠાઈ કે વાનગી આરોગી ઉત્સવનો આનંદ લેવામાં આવે છે.

દશેરા એ રામે રાવણનો વધ કર્યો હતો અને આસુરીશકિત ઉપર વિજય મેળવ્યો હતો. મનુષ્યમાં રહેલા રાવણરૂપી ખરાબ લક્ષણો ઉપર વિજય મેળવવા આ દિવસને મહત્વ અપાયું છે. જેમાં ક્રોધ, ઈર્ષા, વેર-ઝેર, અહંકાર, છળ, કપટ, છેતરપીંડી, કામ, નફરત અને હિંસા માનવજીવનના દુષણો છે જેને ભકિત અને શકિતના શસ્ત્રો થકી દુર કરવા દશેરા એ વર્ષની ખૂબ જ શુભ તિથિ માનવામાં આવે છે. આ દિવસથી

શુભ અને મંગલ કાર્યોનો પ્રારંભ પણ કરવામાં આવે છે. રામની વિરતા એ રાવણના અહંકારનો નાશ કર્યો હતો તેથી જ હિંદુ સંસ્કૃતિ વીરતાની પૂજક ગણાઈ છે અને વ્યકિત તથા સમાજમાં વિરતા પ્રગટ થાય તે હેતુથી દશેરાનો ઉત્સવ ઉજવાય છે.

દશેરાના દિવસે વર્ષઋતુના વિદાયનો દિવસ પણ માનવામાં આવે છે. આજે રામ-લક્ષ્મણ અને હનુમાનજીની પણ પૂજા થાય છે. દેશભરમાં અહંકારરૂપી રાવણના પૂતળાના દહન પણ અનેક સ્થળોએ કરવામાં આવે છે. દશેરા વિજયનો તહેવાર ગણાતો હોઈ લોકો ફાફડા, જલેબી તથા મોં મીઠુ કરી આ ઉત્સવની મજા માણતા હોય છે. શુભ મુર્હુતમાં શસ્ત્ર પૂજન કરી ફટાકડા પણ ફોડવામાં આવે છે. ભગવાન રામે નવરાત્રી અનુષ્ઠાન કરી આદ્યશકિતનું વરદાન પ્રાપ્ત કરી નવરાત્રીના સમાપનના બીજા જ દિવસે રાવણનો વધ કર્યો હતો. વિશ્વમાં જયારે જયારે અંધકારનું સામ્રાજય સર્વત્ર છવાશે ત્યારે ત્યારે પ્રકાશ પૂંજ ભગવાન ધરતી ઉપર અવતાર લઈ ધર્મનો વિજય કરાવતા જ રહેશે તેવો સંદેશો પણ દશેરાનો તહેવાર પુરો પાડી રહ્યો છે. હળહળતા કળીયુગમાં ધાર્મિક પ્રવૃત્તિ જ એક માત્ર સચોટ ઉપાય બની રહેશે તેવું શાસ્ત્રો જણાવી રહ્યા છે.

સેટલમેન્ટ કમિશનર અને સુપ્રિ. ઓફ સ્ટેમ્પ્સશ્રીના કર્મચારીઓ દ્વારા નવરાત્રી મહોત્સવ રંગેચંગે ઉજવાયો

ગાંધીનગર, તા.૧૦

નગરના સેકટર-૧૪ ખ-૫ સર્કલ પાસે આવેલી સેટલમેન્ટ કમિશનર અને સુપ્રિ. ઓફ સ્ટેમ્પ્સશ્રીની કચેરીના કર્મચારીઓ દ્વારા અનોખી રીતે નવરાત્રી મહોત્સવ ઉજવાયો હતો. જેમાં સવારે કચેરી સમય પહેલાં માતાજીની આરતી અને રિસેષ સમય દરમિયાન ગરબા ગાઈને નવરાત્રીની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કર્મચારીઓએ સાથે મળી ગરબાની રમઝટ માણી હતી.

@ગાંધીનગર

- વોર્ડ નં. ૬ના કાઉન્સિલર પાર્વતીબેન મધુકર પરમારના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૨૭૩/૨, સે-૭-ડી ખાતે મધુબેન કડીકરના કંઠે બપોરના ૩ થી ૬ કલાક દરમિયાન આનંદનો ગરબો યોજાશે.
- સંસ્કાર ગૃપ દ્વારા બપોરના ૧૨.૩૦ કલાકે વૃક્ષ (ખીજડો)નું પૂજન કરવામાં આવશે. આ ઉપરાંત એસ.ટી.ડેપો ખાતે શહેરી અને ગ્રામ્ય વિસ્તારની બસોની પૂજા અર્ચના કરી ડ્રાઈવર અને કડંકટરને તિલક કરી મોં મીઠું કરાવવામાં આવશે.
- ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી અને થનગનાટ આર્ટ એન્ડ કલ્ચર ફાઉન્ડેન દ્વારા સાંજના ૭.૩૦ કલાકે સે-૧૧, થનગનાટ ગરબા ગ્રાઉન્ડ ખાતે દશેરા ઉજવો કાર્યક્રમ યોજાશે.
- સે-૬ પોસ્ટ ચોક ખાતે સાંજે ૬ કલાકે રાવણ દહનનો કાર્યક્રમ યોજાશે.

વાતવાતમાં

- નવરાત્રીની આઠમે કલ્ચરલ ફોરમની નવલી નવરાત્રી મહોત્સવમાં મહાઆરતીમાં માનવ મહેરામણ ઉમટી પડયું હતું. મહાઆરતીમાં સેલ્ફી લેવા સાથે તેને સોશ્યલ મિડિયા પર અપલોડ કરવાની હોડ લાદતા એક સમયે મોબાઈલના ઈન્ટરનેટ નેટવર્ક પણ ધીમા પડી ગયા હતા.
- હવનાષ્ટમી તરીકે ઓળખાતી નવરાત્રીની આઠમે હોમ હવન અને નૈવેદ્યનો મહિમા યથાવત રીતે જોવા મળ્યો હતો. આ સાથે શહેરના શેરી ગરબાઓમાં પણ મહાઆરતી અને મહાપ્રસાદના આયોજનો જોવા મળ્યા હતા.
- વાવોલમાં માત્ર આઠમ અને નોમ એમ બે દિવસ જ પરંપરાગત ગરબા યોજાય છે. આઠમના ગરબા પત્યા બાદ ગામના યુવાનો દ્વારા તલવારબાજી અને લાઠી વીંઝણી જેવા કરતબો રજુ કરાયા હતા.
- મંગળવારે દશેરા અને બુધવારે મોહરમની એમ સળંગ બે રજાઓ આવી રહી હોવાથી શહેરમાં ઘણા સરકારી કર્મચારીઓએ સોમવારની પણ રજા મુકી દઈ સળંગ ચાર રજાનું આગોતરું આયોજન કરી લીધું હતું. જે કર્મચારીઓ કાર્યાલયોમાં સોમવારે હાજર હતા તેમાંથી અનેક બપોરના સમયે ઝોકે ચઢતા નજરે ચઢયા હતાં.